**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૬/૦૪/૨૦૧૭ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૧૩/૧૭**

## છેલ્લા બે વર્ષથી રાયોટીંગના ગુન્હમા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી શહેરકોટડા પોલીસ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૩ એન.એ.મુનીયા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એમ.ચૌધરી સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીગમા હતા દરમ્યાન અનીલસ્ટાર્ચ રોડ નરનારાયણ કાંટા પાસેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નામે હરીશભાઇ ઉર્ફે રીંછો સ/ઓ નટવરભાઇ છનાજી ઠાકોર ઉ.વ.૩૦ રહે ઠાકોરવાસ બારીવાળો વાસ નાની સાળવીવાડ ની પાછળ સરસપુર અમદાવાદ શહેર નાને આજરોજ તા.૦૬/૦૪/૨૦૧૭ ના રોજ કલાક ૧૧/૩૦ વાગે મળી આવતા શહેરકોટડા પો.સ્ટે. ના ફસ્ટ ગુ.ર.નં.-૧૭૭/૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ મુજબ અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૨૫/૮/૨૦૧૫ ના રોજ રાત્રીના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી રચી આશરે પાંચસો માણસોના ટોળાએ સરસપુર ચાર રસ્તા ખાતે આવી પોલીસ વિરુધ્ધમા સુત્રોચાર કરતા હતા અને પોલીસ ઉપર પથ્થરમારો કરી અને સરસપુર ચોકીનુ બોર્ડ, એલસીડી કોમ્પ્યુટર, ખુરશી ટેબલ, બાકડા, રજીસ્ટરોને આગ લગાડીને ચોકીને નુકશાન કરેલ અને શહેરકોટડા વન ગાડીનો કાચ પણ તોડી નાંખી તેમજ પોલીસના બીજા વાહનોને પથ્થર મારી તેમજ અન્ય સાધનોથી નુકશાન પહોંચાડેલ હતુ જેની શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.૧૭૭/૧૫ થી ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ થી ફરીયાદ દાખલ થતા ઉપરોકત આરોપી નાસતા ફરતા હોય જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી આગળની કાર્યવાહી પો.સબ.ઇન્સ જે.એ.બારોટ નાઓએ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સરદારનગર પોલીસ સ્ટેશન

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓ તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ પી. જે.ખરસાણ તથા હે.કો જયેન્દ્રસિંહ લાલસિંહ બ.ન. ૭૬૬૪ તથા પો.કો પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ..ન ૨૦૮૯ તથા પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન. ૩૧૨૯ તથા પો.કો સન્દીપસિંહ કોદરસિંહ બ.ન. ૩૫૦૩ તથા પો.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન ૬૨૧૯ તથા પો.કો જીતેન્દ્રકુમાર અળખાભાઇ બ.ન ૨૫૪૦ તથ લોર. કિપાલસિંહ અનવરસિંહ બનં-૨૭૯૨ તથા લોર. કપિલ કાંતિભાઇ બનં-૨૦૧૮ તથા પો.કો કરણસિંહ કનુભાઇ બ.ન. ૨૦૩૩ નાઓની સાથે કુબેરનગર ચોકી વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કુબેરનગર રેલ્વે ક્રોસિંગ પાસે આવતા પી.જે.ખરસાણ નાઓને બાતમી હકિકત મળેલ કે કુબેરનગર છારાનગર રોડ જતીન ફ્રાય સેંટરની સામે આવેલ લોખંડની સીડી વાળા મકાનના ઉપરના ભાગે આવેલ રૂમમા કેટલાક ઇસમો પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે જે હકીકત આધારે બે પંચોના માણસો તથા જુગાર અંગે ના રેડ નુ વોરંટ ન ૧૪૨/૧૭ મુજબની સાથે રેડ કરતા સદરીના મકાનના ઉપરના રૂમમા કેટલાક માણસો જુગાર રમતા હતા. જેઓના નામ ઠામ પુછતા <u>(૧) ગણેશભાઇ રોહીતભાઇ પરમાર ઉવ.૨૨ રહે. મહાજનીયાવાસ રામદેવપીરના મંદીરની પાછળ નરોડા પાટીયા રોડ અમદાવાદ શહેર +૯=૧૦. પકડાઇ જતા તેઓની અંગ જડતી તથા દાવના નાણા રોકડા રૂપીયા ૩૫૭૪૦/ તથા ગંજીપાના નંગ ૯૨ તથા અલગ અલગ રકમના ટોકન</u> સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૪,૫ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે

## વટવા પોલીસ સ્ટેશન

મે.અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી જે ડિવિઝન સાહેબ નાઓની સુચના તથા પોલીસ ઇન્સપેકટર શ્રી વટવા પો.સ્ટે નાઓના માર્ગદશન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઇ શ્રી એચ.સી.ગોહીલ તથા સ્ટાફ ના માણસોએ મળેલ હકીકત આધારે તા-૦૪/૦૪/૨૦૧૭ ના રાત કલાક -૨૦/૦૦ વાગે પીપળજ ગામ આઇ.ઓ.સી. પેટ્રોલ પંપ પાછળ ખુલ્લી જગ્યામાં રેડ કરતા ખાડામાં આઇસર ગાડી ન જી-જે-૨૭ ટી-૬૬૧૧ માંથી કેમિકલ વેસ્ટનો ધન કચરો જમીન માં નાખતા હતા જેમાં માલ ભરાવનાર તથા નિકાલ કરાવનાર ગફુરભાઇ નાનુભાઇ ભરવાડ તથા આઇસર માલિક અને ડ્રાઇવર નિલેશગીરી કાળુગીરી ગોસાઇ તથા નરોડા જી.આઇ.ડી.સી. મનિષ મેટલ કંપનિના માલિક મહેશ રૂપચંદ ભાટિયા તથા કંપનીના સુપર વાઇઝર ઝવેરીલાલ બાલકચંદજી સુથાર નાઓને આ ગુના માં પકડી અટક કરેલ છે આ ગુનાના કામે આઇસર ગાડી તથા આઠેક ટન જેટલો ધનકચરો મળી આવતા કાયદેશર કરવામા આવેલ છે.તેમજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ને રીપોર્ટ કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સાબરમતી પોલીસ સ્ટેશન

### પ્રેસ નોટ

ઉપરી અધિકારીશ્રીઓની સુચના આધારે પો.સ્ટે વિસ્તારમાં ઘરફોડ તેમજ વાહન ચોરીના મિલ્કત સંબંધી ગુના શોધી કાઢવા તેમજ મિલ્કત સંબંધી ગુના અટકાવવા સારૂ પો.સ્ટે વિસ્તારની કાળીગામ પોલીસ ચોકી તથા જવાહર પોલીસ ચોકી ના પો.સ.ઇ.શ્રી તથા સ્ટાફના માણસોને આવા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ બનતા અટકાવવા સારૂ અમોએ સુચના કરેલ હોય જે સુચના આધારે સ્ટાફના માણસોએ તાજેતરમાં મુંબઇ ખાતે વ્હીકલ ચોરીમાં ગુનામાં પકડાયેલ આરોપી નામે રાહુલ ઉર્ફે ટોગી સ/ઓ બાબુભાઇ વાઘેલા ઉવ-18 રહે:ખેમાવણજારાની ચાલી ગાંધીવાસ-1 સાબરમતી અમદાવાદ શહેર નાનો તાજેતરમા જામીન ઉપર છુટીને પરત સાબરમતી તેના રહેણાક મકાને આવેલ છે અને આ ઇસમ હાલમા શકમંદ હાલતમા જણાય છે અને સાબરમતી પો.સ્ટે ફ.ગુ.ર.નં-32/17 ઇ.પી.કો કલમ 379 મુજબનો ગુનો નોંધાયેલ હોય જે ગુનાના કામે પોલીસ કોન્સ્ટેબલ શીવાભાઇ માણાભાઇ તેમજ પોલીસ કોન્સ્ટેબલ અમરસિંહ રઘુરાજસિંહ નાઓ બંન્નેની સંયુક્ત બાતમી હકીકત આધારે સદર ઇસમની વોચમા રહી આજરોજ તા.05.04.2017 ના ૬.00/30 વાગે સાબરમતી અચેર ડેપો સામે જાહેર રોડ ઉપરથી સદરી આરોપીને ઉપરોક્ત ગુનામા ચોરીમા ગયેલ મો.સા. સાથે ઝડપી લઇ સદર ઇસમને અત્રેના પો.સ્ટે ખાતે લાવી પુછપરછ કરતા આરોપીએ સાબરમતી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-33/17 ઇ.પી.કો કલમ 379 મુજબના ગુનાના કામે ચોરી કરી લઇ ગયેલ મો.સા. મુદ્દામાલ તેમજ બેરોનેટ કોમ્પલેક્ષ પાસે આવેલ અર્બુદા ફ્લેટના વાહન પાર્કીંગમાંથી હિરો હોન્ડા સ્પ્લેન્ડર મો.સા ચોરી કરેલ તે તમામ મુદ્દામાલ સદર આરોપીએ આગળ ચાલીને બતાવેલ જેથી આ ત્રણેય મો.સા. ગુનાના કામે કબ્જે લઇ સાબરમતી પો.સ્ટેના વિસ્તારમાં બનેલ વ્હીકલ ચોરી ગુનાઓનો ભેદ ઉકેલી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે તા.05.04.2016



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

માધવપુરા પોલીસ સ્ટેશનમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી માધવપુરા વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.




નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)